અઘરું જે કંઈ એ જ ગમે છે...

પારાવાર પડે મુશ્કેલી, એ જ જાત્રા સાચી,
પ્રદક્ષિણા માતા-પિતાની, લાગે છે ચાલાકી,
શીર્ષાસન - ઉપવાસની અંદર,
દાવ-પેચ મન ખૂબ રમે છે...
        અઘરું જે કંઈ એ જ ગમે છે...

દુર્લભ તે થઈ જાય કીમતી, સુલભ હોય તે સસ્તું,
ઈશ્વર ભીતર, શાંત-સરળ થા, એ જ લાગતું ગપ્પું,
અવળી-સવળી હજાર વાતો,
માથું પણ આ ત્યાં જ નમે છે...
        અઘરું જે કંઈ એ જ ગમે છે...

**એક** મિત્રે કહ્યું, તમે વૈષ્ણોદેવી પાસેની અમુક મંદિરની યાત્રા કરી છે? ખૂબ અઘરી છે. ખૂબ જ વિકટ રસ્તો છે. વળી, અંદર દર્શન કરવા માટે તો ગુફામાં આડાઆડા ચાલીને પસાર થવાનું છે અને રસ્તો એટલો ખરાબ છે કે કાચાપોચાનું તો કામ જ નહીં.

બીજા એક મિત્રે કહ્યું, ઉઘાડા પગે ફલાણા શિખર પર જે દેરી છે એની જાત્રા જ મને તો ગમે છે. કોઈકને ખૂબ અઘરી અઘરી યોગની કસરતોમાં રસ પડે છે. કોઈને જળ વગરના અપવાસમાં ધર્મ પાળવાની મજા આવે છે.

જો એ લોકોને કહીએ કે ગણપતિદાદાએ તો માતાપિતાની પ્રદક્ષિણા કરી લીધી એ જ મોટી વાત છે તો આવી વાતો તેમને ગળે નથી ઊતરતી. મનને હંમેશાં જે અઘરું હોય, અટપટું હોય, દુર્લભ હોય તે જ ગમે છે.

મજાની વાત એ છે કે આપણું માથું પણ ત્યાં જ નમે છે. સહજ છે તે સ્પર્શતું નથી.

જેણે મુઠ્ઠી જેવી વાળી, રહ્યા એટલા ખાલી...

કરી શક્યું છે કોણ? કેદ મુઠ્ઠીમાં વહેતી હવા,
મુઠ્ઠી ખોલી, વહી જવા દો, તો જ હાથમાં સદા,
છૂટી જાય, ત્યારે આવે છે સઘળું સામે ચાલી...
જેણે મુઠ્ઠી જેવી વાળી, રહ્યા એટલા ખાલી...

અખૂટ તાજી હવા, વીંટળાઈ ને વહે જીવનમાં,
જૂની-વાસી-ગંધ ભરેલી મુઠ્ઠી મનમાં-તનમાં...
એ જ જાય છલકાઈ, પળેપળ જે થઈ જાતું ખાલી...
જેણે મુઠ્ઠી જેવી વાળી, રહ્યા એટલા ખાલી...

**વાત** અવળી કે વિરોધાભાસી લાગે, પણ સાચી છે. તમે જેટલી મુઠ્ઠીવાળો છો જોરથી, એટલા ખાલી રહી જાવ છો. કશું પામવા માટે જ્યારે તમે જડ થઈ જાવ છો ત્યારે તમે સાવ વંચિત રહી જાવ છો. જ્યારે બધું જ છૂટી જાય છે ત્યારે જ સઘળું સામે ચાલીને આવતું હોય છે. જે ખાલી થઈ જાય છે તે જ છલકાઈ શકે છે.

ભીતર જેની ભૂખ રહે છે, એ જ બધે બાહર દેખાતું...

કોઈ રૂપ માગે, તો કોઈ પદ માગે, કોઈ પૈસો,
પૂજા કે એ હોય પ્રાર્થના, સઘળે હઇસો હઇસો,
જેવા ફળની હોય માગણી, ચૂકવણું એવું બોલાતું...
ભીતર જેની ભૂખ રહે છે, એ જ બધે બાહર દેખાતું...

ભીતરની ઇચ્છાઓ જોઈ, બજાર સઘળા ખૂલે
રંગબેરંગી ટીલાં-ટપકાં, જાહેરાતો ઝૂલે,
સુખ માગો કે ધ્યાન, તરત દેખાય દુકાનો પર વેચાતું...
ભીતર જેની ભૂખ રહે છે, એ જ બધે બાહર દેખાતું...

**તમારી** આંખો એ જ વસ્તુ શોધી કાઢે છે જેની ભૂખ તમને ભીતર હોય છે. કોઈ તમને ધૂતી જાય છે ત્યારે તમારી અંદર ક્યાંક લાલચ પડેલી જ હોય છે. સંસારના બજાર કરતાંય ધર્મનાં બજારો વધારે અઘરાં અને આકર્ષક છે. ધર્મની દુકાનો જે ખૂલી ગઈ છે. ધર્મના નામે જે લોકો તમને છેતરે છે. ધર્મના નામે જે જાહેરાતોમાં તમે ફસાવ છો તેના મૂળમાં તમારી ઇચ્છા છે. તમારી ભીતરની ભૂખ છે.

તમારી ભીતર જે હશે એવું જ તમને બહાર મળવાનું છે. સાચા ઉપાસકે આ ભીડ અને હૈસોહૈસોથી આઘા રહેવું એ જ ઉત્તમ છે.

કશુંય પણ ના નક્કર મનવા
કશુંય પણ ના નક્કર...

જેમજેમ ઓળખતા જઈએ, બોદો લાગે અહમ્,
કોને ખાતર? ક્યાં ક્યાં ઝૂક્યા? મનમાં આવે શરમ,
હાથ હવામાં વીંઝી માન્યું, જબરી લીધી ટક્કર...
મનવા કશુંય પણ ના નક્કર...

આંખ મીંચીને અમથું બેઠા, ને અંદર જોયું જ્યાં,
રાજેશ રાજેશ બૂમો પાડી, અને ન કોઈ જડ્યું ત્યાં,
કેવળ રેતીના કણ કણ, બંધાઈ થયા'તા પથ્થર...
મનવા કશુંય પણ ના નક્કર...

**આ** 'હું' એટલે કોણ? એ શોધ કરવા જેવી છે. આ અહમ્ ને જેમજેમ ઓળખતા જઈએ છીએ તેમતેમ સાવ બોદો જણાય છે. આ અહમ્ ને સાચવવા માટે કેવીકેવી વ્યક્તિઓ પાસે કરગરવું પડ્યું છે એ યાદ આવે છે અને શરમ આવે છે. જેનું અસ્તિત્વ જ નથી એને માટે કેટકેટલા ધમપછાડા કરીએ છીએ? આંખ મીંચીને શોધવા જઈએ છીએ, કશું હાથ નથી આવતું. જાણે રેતીના કણકણ ભેગા થઈને પથ્થર થઈ જાય એમ આ અહંકાર બંધાયો હતો તેનો ખ્યાલ આવે છે.

સાવ જૂઠી અકડાઈ મનવા
સાવ જૂઠી અકડાઈ...

જ્ઞાન-રૂપ-પદ-પૈસો-યૌવન, અકડાવાના બ્હાના,
ને ત્યાગીની અક્કડમાં, ખખડે ત્યાગેલ ખજાના,
ખેલ બધા આ ઘડી બે ઘડી, છોડ અવળચંડાઈ...
મનવા સાવ જૂઠી અકડાઈ...

ધન કે યૌવન કશું ટકે ના, સઘળું જાશે ખૂટી,
હશે બચેલું જે કંઈ તહારું, મૃત્યુ લેશે લૂંટી,
લાશ વધારે વખત રહી તો, તરત જશે ગંધાઈ...
મનવા સાવ જૂઠી અકડાઈ...

**જેનું** અભિમાન છે, જેની અક્કડ છે તે જ્ઞાન, રૂપ, પદ, પૈસો, યુવાની કે પછી ત્યાગીના ત્યાગ અંતે તો ઘડી બે ઘડીના ખેલ સાબિત થાય છે. કશું જ ટકતું નથી. જે કંઈ બચેલું લાગે છે એ બધું મૃત્યુ એક જ ઝાટકે એક જ ક્ષણમાં લૂંટી લે છે. જે શરીરને પોતાનું માનતા હતા તે પણ લાશ બની ગયા પછી વધારે વખત રાખો તો ગંધાઈ જાય છે આવી પરિસ્થિતિમાં શાનું અભિમાન? અને શા માટે?